**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 13-12-2024 સમય : સવારે 6.50 વાગ્યે**

---

## <u>પ્રધાનમંત્રી- UAE નાયબ પ્રધાનમંત્રી</u>

પ્રધાનમંત્રી રેન્દ્ર મોદીએ ગઇકાલે સંયુક્ત આરબ અમીરાતના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહયાનનું સ્વાગત કર્યું. તેમણે UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનને તેમની ઉષ્માભરી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સપ્ટેમ્બર 2024માં અબુ ધાબીના પ્રિન્સ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનની ભારતની મુલાકાત સહિતની વારંવારની ઉચ્ચ સ્તરીય મુલાકાતો અને આદાનપ્રદાન પર સંતોષ વ્યક્ત કર્યો હતો, જે દ્વિપક્ષીય સંબંધોમાં પેઢીઓનું સાતત્ય દર્શાવે છે. બંને નેતાઓએ ટેકનોલોજી, ઊર્જા અને લોકો વચ્ચેના સંબંધો સહિત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાને પશ્ચિમ એશિયામાં પ્રવર્તમાન પરિસ્થિતિ પર અંગે ચિતાર રજૂ કર્યું હતું. પ્રધાનમંત્રીએ

UAEમાં વિશાળ અને ગતિશીલ ભારતીય સમુદાયનું કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે UAEના નેતૃત્વનો આભાર માન્યો હતો.

**PIB**

---------------------------------------------------------------------

## P.M. સંગમનગરી પ્રયાગરાજની મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સંગમ નગરી પ્રયાગરાજની મુલાકાત લેશે અને 13મી જાન્યુઆરીથી શરૂ થનાર મહાકુંભ-2025નું ઔપચારિક ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે લગભગ 7 હજાર કરોડ રૂપિયાના મહાકુંભ પરિયોજનાઓનું પ્રધાનમંત્રી ઉદ્ઘાટન કરશે. મહાકુંભ 2025 માટે વિવિધ વિકાસ પરિયોજનાઓનું આજે ઉદ્ઘાટન થશે, જેમાં પ્રયાગરાજમાં આંતરમાળખાકીય સુવિધાઓને વેગ આપવા, સારી કનેક્ટિવિટી પૂરી પાડવા માટે 10 નવા રોડ, ઓવર બ્રિજ અને ફ્લાયઓવર, કાયમી ઘાટ અને રિવરફ્રન્ટ રોડ જેવા વિવિધ રેલ અને રોડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી મુખ્ય મંદિર કોરિડોર અને શ્રીંગવરપુર ધામ કોરિડોર, અક્ષયવત કોરિડોર, હનુમાન મંદિર કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. તેઓ આશરે ત્રણ કલાક સુધી ત્રિવેણી સંગમ, અક્ષયવત અને હનુમાન મંદિરમાં પ્રાર્થના કરશે અને ગંગા પૂજન અને આરતી પણ કરશે. આ ઉપરાંત કુંભ મેળા વિસ્તારમાં રેલીને સંબોધિત કરશે..

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ડોમ્મારાજુ ગુકેશ વિશ્વનો સૌથી યુવા ચેસ ચેમ્પિયન

ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડોમ્મારાજુ ગુકેશ વિશ્વનો સૌથી યુવા ચેસ ચેમ્પિયન બન્યો છે. સિંગાપોરમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની ફાઇનલ મેચમાં ચીનના ડિંગ લિરેનને હરાવીને 18મી વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતીને ગુકેશે ઇતિહાસ રચ્યો હતો. અંતિમ રમતના પાંચમા કલાકમાં ડિંગે 55મી ચાલમાં એક ભૂલ કરી હતી જેના કારણે તેને મેચ અને તાજ ગુમાવવો પડ્યો હતો.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ  ગુકેશ ડીને સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન બનવા બદલ અભિનંદન પાઠવ્યા છે. તેમણે તેમના પરાક્રમને ઐતિહાસિક અને અનુકરણીય ગણાવ્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## CM-બીજી ટર્મના બે વર્ષ પૂર્ણ

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના બીજી ટર્મમાં બે વર્ષ પુર્ણ કર્યા છે. આ બે વર્ષની ઉજવણી ગરીબ, યુવાન, અન્નદાતા અને નારી શક્તિના વિકાસની વસ્તુ પર યોજાવામાં આવી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ બે વર્ષઃ સેવા, સમર્પણ અને સુશાનના શિર્ષક સાથેના એક પુસ્તકનું પણ ગાંધીનગર ખાતે વિમોચન કર્યુ હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## હોકી લીગના જીવંત પ્રસારણ માટે પ્રસાર ભારતીએ MOU કર્યા

આગામી હોકી ઈન્ડિયા લીગના જીવંત પ્રસારણ માટે પ્રસાર ભારતીએ નવી દિલ્હીમાં હોકી ઈન્ડિયા સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ એમઓયુ સાથે, દૂરદર્શન હોકી ઈન્ડિયા લીગ-2024-25 માટે સત્તાવાર પ્રસારણ ભાગીદાર બની ગયું છે. આ લીગ ડિસેમ્બરની 28 તારીખથી ઓડિશાના રાઉરકેલા અને ઝારખંડના રાંચીમાં શરૂ થશે.

આ પ્રસંગે HIL ગવર્નિંગ કમિટીના સભ્ય ભોલા નાથ સિંહે જણાવ્યું હતું કે હોકી દેશની એકતા અને ગૌરવનું પ્રતીક પણ છે. પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહગલે એમઓયુને હોકીના ઈતિહાસમાં એક મોટા સીમાચિહ્નરૂપ ગણાવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે એમઓયુ હેઠળ રાષ્ટ્રીય રમત હોકી ગ્રામીણ ભારત સહિત સમગ્ર દેશમાં પહોંચશે.

પ્રસાર ભારતીના સીઈઓ, ગૌરવ દ્વિવેદીએ વ્યક્ત કર્યું કે દૂરદર્શનને હોકી ઈન્ડિયા લીગ સાથે ભાગીદારી કરવાનો વિશેષાધિકાર મળ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રસાર ભારતીના વ્યાપક કવરેજ દ્વારા હોકીને વધુને વધુ લોકપ્રિય બનાવવાનો છે. સમજૂતીના કરાર પ્રસંગે, આકાશવાણી સમાચારના મહાનિર્દેશક ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌર, દૂરદર્શનના મહાનિર્દેશક કંચન પ્રસાદ, દૂરદર્શન સમાચારના

મહાનિર્દેશક પ્રિયા કુમાર અને પ્રસાર ભારતી અને હોકી ઈન્ડિયાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**RNU અમદાવાદ**

---

## હવામાન

છેલ્લા ચાર દિવસથી ઠરી રહેલાં નલિયા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડીની તીવ્રતામાં ગઇકાલે ઘટાડો નોંધાયો હતો. બુધવારે 5 ડિગ્રી જેટલા તાપમાન સાથે ઠરેલા નલિયામાં પારો અઢી ડિગ્રી કરતાં વધુ ઉંચકાઇને 7.8 ડિગ્રીએ પહોંચતાં ઠારમાં આંશિક રાહત રહી હતી. જિલ્લામાં દિવસનું તાપમાન 27 ડિગ્રી કરતાં નીચે રહ્યું હતું. જેને પગલે ઠારથી બચવા લોકો દિવસે પણ ગરમ વસ્રોનો આસરો લીધો છે. તો મોડી સાંજે આવશ્યક કામ વિના બહાર નીકળવાનું ટાળે છે. નલિયા ખાતે ઉંચું ઉષ્ણતામાન 26.6 ડિગ્રી રહ્યું હતું. જિલ્લા મથક ભુજમાં પણ લઘુત્તમ ઉષ્ણાતામન આંશિક ઉંચકાઇને 11.4 ડિગ્રીએ પહોંચ્યું હતું. આગામી ચાર-પાંચ દિવસ ઠારમાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના નહિવત્ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. કંડલા હવાઇ મથકે લઘુત્તમ ઉષ્ણાતામાન 11.3 ડિગ્રી રહ્યું હતું જ્યારે 26.6 ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન નોંધાયું હતું.

**N.P./ કલ્પના શાહ**

---